---

**અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨ માં**

---

**ક્રિ.કેસ નં.૮૬/૧૬**

(૧) આ કામના પોલીસ ધ્વારા આરોપી વિરુધ્ધ પ્રોહી. એકટ કલમ–૬૬(૧)(બી), ૬૫(એઈ) મુજબના ગુનાનું ચાર્જસીટ કરવામાં આવેલ છે. ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ,મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબરઃ૧/૨૦૨૦ તાઃ૧/૨/૨૦૨૦** ધ્વારા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય, આરોપી આજ રોજ સ્પે.સીટીંગ લોક અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, તેમને પોલીસ તપાસના ચાર્જસીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તર્ફે સ્પે.સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પે.સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ ધ્વારા ગુના કબુલાત પુરસીસ આંક...... થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જસીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ ગુના બદલ પસ્તાવો કરે છે અને કુટુંબકબીલાવાળા છે અને તેમના કુટુંબના ભરણપોષાણનો આધાર તેમના ઉપર છે તેમ જણાવે છે, તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત, સંજોગો તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે જઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુ ક મ</u>**

ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ મુજબ દરેક આરોપીને એકટ કલમ–૬૬(૧)(બી), ૬૫(એઈ) મુજબના ગુનામાં કસુરવાન ઠરાવી સંયુકત રીતે રૂા.૧૦૦/– (અંકે રુપિયા એક સો) પુરા દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૮/૨/૨૦૨૦
અમદાવાદ

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪